Surat Municipal Corporation
e-Magazine
Issue 58
June 30, 2006



## વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિ આરોગ્ય વિષયક માહિતી તથા માર્ગદર્શન મેળવવા માટે સુરત શહેરની મુલાકાત


વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ડો. નીરૂબેન પટેલની અધ્યક્ષતામાં છ સભ્યોની ટીમ તા.૨૨–૬–૨૦૦૬ થી તા. ૨૩–૬–૨૦૦૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી આરોગ્ય વિષયક માહિતી તથા માર્ગદર્શન મેળવવા માટે સુરત શહેરની મુલાકાતે આવેલ હતીં....

વધુ માટે કલીક કરો >>>>>>

## મેલેરીયા વિરોધી માસ જૂન–૨૦૦૬ આયોજીત નિબંધ સ્પર્ધા "મેલેરીયા નિયંત્રણ આપણા સૌની જવાબદારી "

ભારત સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષે જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા જૂન–૨૦૦૬ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ, પપેટ શો, નિબંધ સ્પર્ધા, લોકડાયરો, શેરી નાટકો વિગેરેનું આયોજન કરેલે....

વધુ માટે કલીક કરો >>>>>>





## મકાન હોનારતમાં ઈજા પામેલાઓને માન. મેયરશ્રીના વરદ હસ્તે આર્થિક સહાય.

તા. ૪–૫–૦૬ના રોજ હરીપુરા, ભોંયશેરી ખાતે મકાન હોનારતમાં ઈજા થયેલ તેમજ તેઓની ઘરવખરીને નુકશાન થયેલ તેમને મેયર્સ ફંડમાંથી માન. મેયરશ્રીના વરદ હસ્તે આર્થિક સહાય આપવામાં આવેલ....

વધુ માટે કલીક કરો >>>>>>

## ગૌરવપથ

માળખાગત સુવિધાની દિશામાં સુરત મહાનગરપાલિકાનું વધુ એક નજરાણું પાર્લે પોઈન્ટ–રૂંઢ સુરત–ગૌરવપથ રાત્રિ વિહંગાવલોકન....

વધુ માટે કલીક કરો >>>>>>



## વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિ આરોગ્ય વિષયક માહિતી તથા માર્ગદર્શન મેળવવા માટે સુરત શહેરની મુલાકાતે

વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતિ ડો. નીરૂબેન પટેલની અધ્યક્ષતામાં છ સભ્યોની ટીમ તા.૨૨–૬–૨૦૦૬ થી તા. ૨૩–૬–૨૦૦૬ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી આરોગ્ય વિષયક માહિતી તથા માર્ગદર્શન મેળવવા માટે સુરત શહેરની મુલાકાતે આવેલ હતી.

તા. ૨૨–૬–૨૦૦૬ના રોજ સવારે હીરાબાગ હેલ્થ સેન્ટર, અશ્વનીકુમાર સ્મશાનગૃહ તેમજ સાફ સફાઈની અન્ય કામગીરીના સ્થળોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ નારાયણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ વડોદરાની ટીમને નારાયણ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી વિવિધ સમાજ ઉપયોગી કામગીરીથી વાકેફ કર્યા હતા. ટ્રસ્ટની આવી ઉમદા કામગીરીની માહિતી મેળવી ટીમના સભ્યોએ નારાયણ ટ્રસ્ટની આ પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. બપોરબાદ આંજણા ટ્રાન્સફર સ્ટેશન અને સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભટાર ખાતે બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ, પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડીયમ, નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય તેમજ સુરત–ડુમસ રોડ ખાતે હાલમાં જ બનાવવામાં આવેલ ગૌરવપથની મુલાકાત લીધી હતી. રાત્રી દરમ્યાન નાઈટ સ્ક્રેપીંગ અને બ્રશીંગ કામગીરી નિહાળી હતી.



તા. ૨૩–૬–૨૦૦૬ના રોજ સવારે ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી નિહાળી હતી. તેમજ મેડીકલ કોલેજની મુલાકાત બાદ ૧૨–૩૦ કલાકે નવા સ્થાયી સમિતિ ખંડમાં ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલની અધ્યક્ષતામાં મીટીંગ રાખવામાં આવેલ હતી. તેમણે વડોદરાની ટીમને અત્રે આવી સુરત મહાનગરપાલિકાની કામગીરી નિહાળી તેના પ્રતિભાવ રૂપે જણાવ્યું હતું કે, સુરતમાં કરવામાં આવતી સફાઈ તેમજ અન્ય આરોગ્ય વિષયક કામગીરી મુજબ વડોદરા મહાનગરપાલિકામાં કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. તેમજ રાજયમાં પુરૂષો કરતાં સ્ત્રીઓનું જન્મ પ્રમાણ ઓછું હોય સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા માટે સમાજમાં જાગૃતિ લાવવા માટે સામાજીક સંગઠનો, મ્યુ. સભ્યશ્રીઓ, સામાજીક કાર્યકરોને આગળ આવવા અનુરોધ કર્યો હતો.

આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શહેરમાં પ્લેગ પછી થયેલ આરોગ્ય વિષયક તેમજ અન્ય કામગીરી ઝડપથી કરવામાં આવેલ તેને અનુલક્ષીને સુરત મહાનગરપાલિકાની વિશ્વસ્તરે ડહોળાયેલી ઈમેજને નંબર વન પર લઈ જવાનું ભગીરથ કાર્ય સુરત મહાનગરપાલિકાના આ વર્તમાન શાસકોએ કર્યુ છે. આ સુરત શહેરે આફતને અવસરમાં તબદીલ કરવાની શરૂઆત એકમાત્ર સુરત મહાનગરપાલિકાએ કર્યુ છે.

ડે. કમિશ્નરશ્રી(હે. અને હો.) એ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી આરોગ્યલક્ષી કામગીરી જેવી કે સોલીડ વેસ્ટ ડીસ્પોઝલ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, આરોગ્ય કેન્દ્ર મારફત આપવામાં આવતી સેવાઓ તેમજ મનપાના આરોગ્ય ખાતા દ્વારા આપવામાં આવતી વિવિધ કામગીરીની માહિતી આપી હતી. વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિના અધ્યક્ષા તેમજ સભ્યો દ્વારા કરવામાં આવતી આરોગ્ય કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરી માહિતી મેળવી હતી.


વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય સમિતિના નાયબ અધ્યક્ષા શ્રીમતિ શીલાબેન દલાલે વડોદરા મહાનગરપાલિકાની ટીમનો સુરત મહાનગરપાલિકાની મુલાકાત લેવાનો હેતુ પ્લેગ પછી સુરત શહેરે છેલ્લા ૧૦ વર્ષમાં આરોગ્ય, સ્વચ્છતા એમ દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરેલ છે તે માટે જાતમાહિતી મેળવી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી વ્યાપક કામગીરીમાંથી માર્ગદર્શન મેળવી તે મુજબ વડોદરા મહાનગરપાલિકામાં અમલવારી કરવામાં આવશે તેમ જણાવી સુરત મહાનગરપાલિકાની કામગીરી અંતર્ગત પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીઓ વડોદરા મહાનગરપાલિકાની મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન આપવા વિનંતી કરી હતી.

આ મીટીંગમાં ડે. મેયરશ્રી ઉપરાંત આરોગ્ય સમિતિના અધ્યક્ષ ડો. જગદીશભાઈ પટેલ, હોસ્પીટલ કમિટીના અધ્યક્ષા શ્રીમતિ વર્ષાબેન ડી. રાણા, ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય સમિતિના સભ્યશ્રીઓ, આરોગ્ય અધિકારી ડો. હેમંતભાઈ દેસાઈ હાજર રહયા હતા.

TOP

## મેલેરીયા વિરોઘી માસ જૂન–૨૦૦૬ આયોજીત નિબંઘ સ્પર્ધા  '' મેલેરીયા નિયંત્રણ આપણા સૌની જવાબદારી ''

ભારત સરકારશ્રીનાં આરોગ્ય મંત્રાલય દ્વારા દર વર્ષે જૂન માસને ''મેલેરીયા વિરોઘી માસ'' તરીકે ઉજવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા જૂન–૨૦૦૬ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ, પપેટ શો, નિબંધ સ્પર્ધા, લોકડાયરો, શેરી નાટકો વિગેરેનું આયોજન કરેલ. સ્થાનિક પ્રજામાં મેલેરીયા તથા અન્ય મચ્છરજન્ય રોગ અટકાયત માટે મોટા પ્રમાણમાં લોક સહકાર મળી રહે તે હેતુથી આ કાર્યક્રમો રાખવામાં આવેલ છે. આજના વિદ્યાર્થીઓ આવતી કાલનું ભવિષ્ય હોય, તેમણે પણ મેલેરીયા અટકાયત બાબતે જાણકારી આપવી જરૂરી હોય, તા. ૨૩–૬–૦૬ને શુક્રવારનાં રોજ સવારે ૧૦–૦૦ કલાક થી ૧૧–૦૦ કલાક દરમ્યાન ગાંઘી ખંડ, સુરત મહાનગરપાલિકા ખાતે, સુ.મ.ન. હાઈસ્કૂલ અને શહેરની ખાનગી શાળાના ધોરણ ૮, ૯ અને ૧૦નાં કુલ–૩૬ વિદ્યાર્થીઓ વચ્ચે, ''મેલેરીયા નિયંત્રણ આપણા સૌની જવાબદારી'' વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવેલ હતી. સદર સ્પર્ધામાં સુમન હાઈસ્કુલ નં. ૨, ૩ અને ૯ ના તથા ખાનગી સ્કુલો જેવી કે, લુર્ડઝકોન્વેન્ટ હાઈસ્કુલ, વનિતા વિશ્રામ, જીવનભારતી, સંસ્કારભારતી, વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય, વી.ડી.દેસાઈ(વાડીવાલા), નવદીપ વિદ્યાલય, એમ.એન.જે.પટેલ માધ્યમિક શાળા, પી.પી.સવાણી વિદ્યાલય, લીલાબા કન્યા વિદ્યાલય, સાધના વિદ્યાભવન, ગજેરા વિદ્યામંદિર, સિમ્ગા હાઈસ્કુલ, એક્ષપરીમેન્ટલ, શારદાયતન હાઈસ્કુલ અને શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા વિદ્યામંદિર સ્કુલના ધોરણ ૮, ૯ અને ૧૦નાં ૧૯ સ્કુલોના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. નિબંધનો સમય એક કલાકનો રાખવામાં આવેલ અને અંદાજીત ૨૦૦ થી ૩૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો હતો. નિંબધની તપાસણી કરી દસ દિવસ પછી ઈનામની જાહેરાત કરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા દ્વારા વિજેતાઓ માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ રાખવામાં આવેલ છે. જયારે ૧૦ આશ્વાસન ઈનામ રાખવામાં આવેલ છે.



સદર સ્પર્ધામાં ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો. એચ.કે.સોંધરવા તથા વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગના કર્મચારીઓ તથા આમંત્રીત સ્કુલોના શિક્ષકો હાજર રહેલ. નિબંધ સ્પર્ધાની શરૂઆતમાં ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો. એચ.કે.સોંધરવાએ સ્પર્ધા વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા તથા સ્પર્ધાબાદ મચ્છરની ઉત્પતિ તેમજ રોગ અટકાયત માટે સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી કામગીરી વિષે વિસ્તૃત માહિતી આપી. ત્યારબાદ મચ્છર દ્વારા ફેલાતાં વિવિધ રોગો, તેના લક્ષણો અને તેના અટકાયત અંગે લેવા જોગ પગલાં વિષે માહિતી દર્શાવતી હમ દ્વારા વિડીયો પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગના આઈ.સી.યુનીટના કર્મચારીઓ દ્વારા ઉપસ્થિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને મચ્છરનાં પોરા, પોરાભક્ષક માછલી તથા એનોફિલીસ, એડીસ તથા કયુલેકસ જાતિના પુખ્ત મચ્છરનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવેલ. અંતે ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો. એચ.કે.સોંધરવાએ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી મચ્છરજન્ય રોગ નિયંત્રણ કામગીરીમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો કઈ રીતે મદદરૂપ થઈ શકે તે અંગે માહિતી આપી હતી. સ્પર્ધાને અંતે સુરત મહાનગરપાલિકા દ્વારા બાળકોને પ્રોત્સાહન પણ આપવામાં આવેલ.

TOP


## મકાન હોનારતમાં ઈજા પામેલાઓને માન. મેયરશ્રીના વરદ હસ્તે આર્થિક સહાય.



તા. ૪–૫–૦૬ના રોજ હરીપુરા, ભોંયશેરી ખાતે મકાન હોનારતમાં ઈજા થયેલ તેમજ તેઓની ઘરવખરીને નુકશાન થયેલ તેમને મેયર્સ ફંડમાંથી માન. મેયરશ્રીના વરદ હસ્તે આર્થિક સહાય આપવામાં આવેલ.

TOP

## ગૌરવપથ



માળખાગત સુવિધાની દિશામાં સુરત મહાનગરપાલિકાનું વધુ એક નજરાણું પાર્લે પોઈન્ટ–રૂંઢ સુરત–ગૌરવપથ વિહંગાવલોકન



TOP